# Summative - II

**STD. X**

**GUJARATI**

Time : **3** Hours | Maximum Marks : **80**

- **The Question paper is divided into four Sections.**

| | |
|---|---|
| **Section A : Reading Comprehension** | **09 Marks** |
| **Section B : Writing** | **16 Marks** |
| **Section C : Grammar** | **15 Marks** |
| **Section D : Literature (Text Book)** | **40 Marks** |

- **All questions are compulsory.**
- **Marks are indicated against each question.**

## વિભાગ - A

૧. (અ) **નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ શોધી જવાબ લખો.** ૫

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબાકાળથી સમજાયેલું છે, પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દૃઢ થતાં નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય : ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિ ખીલવવી પડતી નથી. સરકસના મેનેજરો જનાવરોને ભયથી કેળવે છે. શાળામાં પણ આ જ રીતે અપનાવાય છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય છે ત્યારે સૈકાથી પાડેલી ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે. માટે બચપણથી જ સમજપૂર્વક પોતાની મેળે જ સારી ટેવો કેળવતા શીખે એ પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ.

**- કિશોરલાલ મશરૂવાળા**

**પ્રશ્નો :**

(૧) આપણે અભ્યાસનું મહત્ત્વ શા માટે સ્વીકારીએ છીએ?
- A શિક્ષણ આપવા માટે
- B બાળકોને હોંશિયાર બનાવવા માટે
- C સંસ્કારોને દૃઢ કરવા માટે
- D સમાજની પ્રગતિ માટે

(૨) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય?
- A વિવેક, વિનય અને સેવાથી
- B ત્યાગ, સંયમઅને લગનથી
- C હિંમત, વિશ્વાસ અને બહાદુરીથી
- D ભયથી, લાલચથી અથવા પ્રેમથી

(૩) લેખકની દૃષ્ટિએ કોણ કોણ ભયથી કેળવણી આપવાની રીત અજમાવે છે?
- A સરકસના મેનેજરો, ધર્મગુરુઓ અને શાળાના શિક્ષકો
- B ડૉક્ટરો, વકીલો અને સમાજસેવકો
- C વિદ્યાર્થીઓ, વાલીઓ અને વ્યવસ્થાપકો
- D વડીલો, સાધુ-સંતો અને ઉદ્યોગપતિઓ

(૪) કેવા પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ?
- A આંધળું અનુકરણ કરાય
- B મિત્રોની મરજી મુજબ વર્તાય
- C સમજપૂર્વક સારી ટેવો કેળવાય
- D સ્વેચ્છાચારી અને ઉદ્ધત બનાય

(૫) કઈ રીતોમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિ ખીલવવી પડતી નથી?

A મિત્રતા અને ભાઈચારાથી

B પ્રભાવ અને રોફથી

C પ્રેમઅને સમજાવટથી

D ભયથી અને લાગણી

(બ) **નીચેનો ગદ્યખંડ વાંચી, તેનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરો.** ૪

''અમુક સદ્‌ગુણો અને સિદ્ધાંતોને વળગી રહો. જીવનમાં કદી એનો ત્યાગ ન કરો. તેઓ જ તમારા મિત્રો અને મદદગાર બનશે. આ સદ્‌ગુણોને અમલમાં મૂકવા માટે નિશ્ચય કરો અને તે માટે અંગત ડાયરી રાખો. તમારી રોજની વર્તણૂક અને વાણીની નોંધ રાખો. આથી તમારો વિકાસ થાય છે કે નહિ તેનો ખ્યાલ આવશે. તમારી ભૂલો નજરે પડશે. જે તમે સુધારી શકશો. ડાયરી મિત્રની ગરજ પૂરી પાડી તમારી નિર્બળતા બતાવી તમને નમ્ર બનાવશે. રોજ ઈશ્વરની પ્રાર્થના કરો અને તેને આંતરિક બળ અને દોરવણી આપવા માટે વિનંતી કરો. આથી આત્મબળ અને સદ્‌ગુણોમાં વૃદ્ધિ થશે. આદર્શ મહાત્માઓનો જીવનચરિત્ર અને ઉપદેશોમાંથી પ્રેરણા લઈ તમારું જીવનઘડતર કરો. તમારું મન કદી આળસુ કે શૂન્ય નહિ બને. ઉમદા જીવન માટે સારા વિચાર ચાવીરૂપ છે.''

**- સ્વામી સચ્ચિદાનંદજી**

## વિભાગ- B

૨. (અ) **નીચે આપેલ વિષય પર આશરે ૧૫૦ શબ્દોમાં નિબંધ લખો.** ૭

શ્રમનું ગૌરવ

મુદ્દા : પ્રસ્તાવના - શ્રમનું મહત્ત્વ - પ્રકારો - પરિશ્રમના ઉદાહરણો - વિદેશોમાં શ્રમ- આપણા દેશમાં શ્રમ વિશે વિવિધ માન્યતા - મહાપુરુષોના જીવનમાં શ્રમ- ઉપસંહાર

(બ) એ-૫, સ્વાગતમ્, સ્વાતિ સોસાયટી, અમદાવાદથી નીરજા દવે, દિલ્હી નિવાસી તેમની નાની બહેન મોનાને જીવનમાં સમયના સદુપયોગનું મહત્ત્વ સમજાવતો પત્ર લખે છે. ૪

૩. **નીચે આપેલા મુદ્દાને આધારે ૧૦૦ શબ્દોમાં વાર્તા લખો.** ૫

મુદ્દા : બે સ્ત્રીઓ - એક બાળક માટે બંનેનું લડવું - એક કહે : ''બાળક મારું છે.'' બીજી કહે : ''બાળક મારું છે.'' - બંનેનું ન્યાયાધીશ પાસે જવું - ન્યાયાધીશનું ફરમાન - ''બાળકના બે ટુકડા કરીને વહેંચી લેવા - એક સ્ત્રી મૂંગી રહી - બીજી બાળકને જીવતું રાખવા પેલી સ્ત્રીને સોંપી દેવા વિનવે છે' - ન્યાયાધીશનું બાળક બીજી સ્ત્રીને સોંપી દેવાનું ફરમાન - બોધ - શીર્ષક

## વિભાગ - C

**વ્યાકરણ :**

૪. (અ) **કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો.** ૩

૧) તમે ભગવાનની દયાને પાત્ર છો. (નિષેધ વાક્ય)

(૨) આનંદ અને જયંત બંને, ગુરુના પ્રિય શિષ્યો હતો. (પ્રશ્નાર્થ વાક્ય)

(૩) બાળકો મેદાનમાં રમે છે. (ઉદ્‌ગાર)

(બ) **સૂચના પ્રમાણે પરિવર્તન કરો.** ૩

(૧) વાહ! આજે શરદપૂનમછે! (વિધાન વાક્ય)

(૨) સૂર્યોદય થયો. બધે જ પ્રકાશ પથરાઈ ગયો. (સંયુક્ત વાક્ય)

(૩) શું એક હવાલદારનો છોકરો ચક્રવર્તી રાજા બનશે? (સાદુ વાક્ય)

(ક) **સૂચના પ્રમાણે પરિવર્તન કરો.** ૩

(૧) અંશ વર્ગમાં પ્રથમઆવ્યો. શિક્ષકે શાબાશી આપી. ઈનામમાં પુસ્તક આપ્યું. (સંકુલ વાક્ય)

(૨) તમારાથી મારી વાત નહિ સમજાય. (કર્તરિ વાક્ય)

(૩) ધનનંદને વહાણ ચલાવવાનો હુકમઆપ્યો. (કર્મણિ વાક્ય)

(ડ) **નીચેના વાક્યો સુધારીને ફરીથી લખો.** ૩

(૧) બે-એક ઘરમાંથી બધા મહિનાથી વિદેશ હતા ગયા.

(૨) નાપાસ થયા પછી વીણાને પરિશ્રમની મહિમા સમજાઈ.

(૩) યુદ્ધ વીરામની સેનાપતીએ ઘોષણા કરી.

(ઈ) **નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.** ૩

(૧) પ્રકાશ પાથરવો

(૨) ભાર હળવો કરવો

(૩) આળસ ખંખેરવી

## વિભાગ - D

૫. (અ) **નીચેના વિધાનો માટે કારણો લખો.** ૪

(૧) ગાંધીજીને દેશગમન જરૂરી લાગ્યું.

(૨) દક્ષિણામૂર્તિ નાનાભાઈ માટે વિશ્વવિદ્યાલય બની ગયું.

(બ) **નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.** ૪

(૧) ગાંધીજીને કોણે કોણે ભેટસોગાદો આપી?

(૨) અનુભવ વૃદ્ધોએ રમણના ભાવિ ઉદ્યમવિશે શી આગાહી કરી હતી?

(૩) ખાદી વિશે નાનાભાઈ શું માનતા હતા?

(૪) કાચની હાંડી શાની બનેલી હોય એવું લાગતું હતું?

(ક) **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** ૪

(૧) એરિયલના થાભલા જોઈને રમણને શી લાગણી થતી?

(૨) નાનાભાઈએ ગૃહપતિને શો અને શા માટે ઠપકો આપ્યો?

(ડ) **નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો.** ૮

(૧) રમણનો આકાશદર્શનનો શોખ વાર્તામાં કેવી રીતે આલેખાયેલો છે?

(૨) લેખકે રવિવારનો કેવી રીતે ઉપયોગ કર્યો?

૬. (અ) **નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો લખો.** ૪

કોઈના સંગનિ:સંગની એને કશી,
    અસર નવ થાય
ઝાલો ત્યા તો છટકે એવી નાજુક ને ચંચલ!
    છલક છલક છલકાય
    છતા યે કદી શકી નવ ઢળી,
    વૃંદાવનમાં,
    વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,
    જાય તેડી પોઢેલાંને નવે લોક, નવ સ્થલ!

**પ્રશ્નો :**

(૧) ઉપરની પંક્તિ કયા કાવ્યની છે? તેના કવિ કોણ છે?

(૨) પલ પર શેની અસર થતી નથી?

(૩) વૃંદાવન અને કુરુક્ષેત્રના ઉદાહરણો સમયના કયા પરિમાણો બતાવે છે?

(૪) પલ મૃત્યુ પામેલાને ક્યાં તેડી જાય છે?

૭. (અ) **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** ૪

(૧) કવિ મૃત પત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કહે છે?

(૨) કવિ ફૂલ બની ફળતા જવાનું કેમકહે છે?

(બ) **નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.** ૪

(૧) કવિ નયનોને સંબોધીને શું કહે છે?

(૨) ગોપી પોતાના ભાગ્ય ફૂટી ગયા છે એમશા માટે કહે છે?

(૩) અગ્નિની સાક્ષીએ કઈ કઈ ઘટના ઘટી હતી?

(૪) પલને શેની શેની સાથે સરખાવે છે?

(ક) **નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો.** ૮

(૧) શ્રીકૃષ્ણ વિનાના મધુવનની વેદના અહીં કોણ કોણ વ્યક્ત કરે છે?

(૨) 'આવ્યો છું તો' કાવ્યમાં વ્યક્ત થયેલો માનવજીવનનો મહિમા તમારા શબ્દોમાં વર્ણવો.